HAT'S CHUPPA.

H MEANING.

શામળભટકૃત છપ્પા

અર્થસહિત.

ટ, જર, કુસંગ, મોત વિશે.

બનાવનાર એક વિદ્યાર્થી.

મુંબઈ,

નિર્ણયસાગર પ્રેસમાં છાપ્યું છે.

ચનાર મુંબઈ કાળકા દેવીને રસ્તે રામવાડી પાસે
ઇશ્વરદાશ લાયબ્રેરીવાળા.

કીંમત બે આના.

પેટ* ભરવા વિષય. ૧

પેટ કરાવે વેઠ[1], પેટ વાજાં વજડાવે;
પેટ ઉપાડે ભાર, પેટ ગુણ સૌના ગાવે;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરેછે;
પેટ કરેછે જાર[2], પેટ તો સત્ય[3] હરેછે;
વળિ સંચ[4] પ્રપંચ[5] અધિક[6] કરે, પેટ કાજ નરકે[7] પડે;
શામળ કહે સાચું માનજો, પેટ પાપ નરને નડે[8]. ૧
વિપ્ર[9] પેટને કાજ, શાસ્ત્ર વાંચે નેં શીખે;
વિચરી[10] વળી વિદેશ[11], ભણેલા થઇને ભીખે[12];
વણિક[13] પેટને કાજ, ચાહિ ને વહાણ ચડેછે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ[14] ઘડેછે;
[illegible] કરેછે કાશદ[15] કાશદું[16], શિર[17] કપાવિ તસ્કર[18] મરે;
કહે શામળ પેટને કારણે કુળાચાર[19] સૌકો કરે. ૨
પેટ ચડાવે વાંશ, પેટથી નરતક[20] નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઊચ નીચાને જાચે[21];
પેટ કરે છળ[22] કપટ, પેટ રણમાં[23] રખડાવે;

---

* પારકે દેશ. ૧ મજુરી. ૨ ઇશકબાજી. ૩ સાચું. ૪ યુક્તિ. ૫ તરકટ. ૬ વધારે. ૭ દોજખમાં. ૮ પકડે, લાગે. ૯ બ્રાહ્મણ. ૧૦ જઇ. ૧૧ પરદેશ. ૧૨ ભીખ માગે. ૧૩ વેપારી. ૧૪ કારીગરી. ૧૫ ખેપીઓ. ૧૬ ખેપ. ૧૭ માથું. ૧૮ ચોર. ૧૯ વડીલોની રીત. ૨૦ ખેલાડી. ૨૧ ભીખ માગે. ૨૨ ઠગવિદ્યા. ૨૩ જંગલમાં.

પેટ કરે વિખવાદ[૧], પેટ તો શીશ[૨] કટાવે;
ચોરી ચાડી ને ચાકરી, અધર્મ સૌ આખેટના[૩];
શામળ કહે સાચું માનજો, પ્રપંચ પાપી પેટના. ૩
કિયા ધડકણ[૪] ને ધીર, કિયા ગુણહિણ નેં જ્ઞાતા[૫];
કિયા કૃપણ[૬] નેં કર્ણ[૭], કિયા દંભી[૮] નેં દાતા[૯];
કિયા રંક[૧૦] નેં રાય[૧૧], કિયા અકરમી[૧૨] ઇંદર[૧૩];
કિયા પાપિ પુન્યવંત, કિયા ચખહિણ[૧૪] નેં ચંદર;
વળિ અણપંડિત પંડિત કિયા, બેશિ પારકે બારણે;
શામળ કહે માન ગમાવિયાં, કુડા[૧૫] પેટને કારણે. ૪
કિયા દરિદ્રિ[૧૬] દિવાન[૧૭], કિયા કુરૂપ[૧૮] રૂપાળા[૧૯];
કિયા જુધિષ્ઠિર[૨૦] જોર, કિયા ભિક્ષુક[૨૧] ભૂપાળા[૨૨];
કિયા બુદ્ધિ બળવંત[૨૩], કિયા ગદ્ધા નેં ઘોડા;
કિયા કપૂત[૨૪] સપૂત[૨૫] રામ લક્ષમણના જોડા;
નર નાર જાર[૨૬] નેં સતિ[૨૭] કિયાં, જાણે જેને વારણે[૨૮];
શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે.
કિયા નીચ નેં ઊંચ, કિયા રોગી[૨૯] નેં સાજા[૩૦];
કિયા અબળ[૩૧] નેં સબળ[૩૨] કિયા દુર્બળ[૩૩] નેં તાજા[૩૪];

---

૧ કજીઓ. ૨ માથું. ૩ શિકાર. ૪ ઉતાવળા. ૫ ડાહ્યા. ૬ કંજુસ. ૭ સખી. ૮ સૂમ. ૯ સખી. ૧૦ ગરીબ. ૧૧ રાજા. ૧૨ અભાગ્યાં. ૧૩ સ્વર્ગના રાજા. ૧૪ આંધળા. ૧૫ ખોટા. ૧૬ કંગાળ. ૧૭ અમલદાર. ૧૮ બદસૂરત. ૧૯ ખુબસૂરત. ૨૦ પાંડુરાજાનો છોકરો, લડાએક. ૨૧ ભીખારી. ૨૨ રાજા. ૨૩ જોરાવર. ૨૪ ખરાબ છોકરો. ૨૫ સારો છોકરો. ૨૬ વ્યભીચારી. ૨૭ પતિવ્રતા સ્ત્રી. ૨૮ વર્ણન. ૨૯ રોગવાળા. ૩૦ તનદ્રોસ્ત. ૩૧ કમજોર. ૩૨ જોરાવર. ૩૩ નબળા. ૩૪ માતેલા.

કિયા અજાણ નેં જાણ, કિયા પથ્થર નેં હીરા;
કિયા અજા[૧] ગજરાજ[૨], કિયા વેરી[૩] ને વીરા[૪];
જૂઠા[૫] બોલા સાચા કિયા, નીચ બુદ્ધિ કરે નેટને[૬];
શામળ કહે માન ગમાવિયાં, પ્રપંચ પાપી પેટને. ૬
કઈ લછ[૭] નેં અલછ[૮], કઈ રંજિત[૯] નેં રંગા[૧૦];
કઈ રૂપહિણ[૧૧] રત્ન[૧૨], કઈ ગંદી[૧૩] નેં ગંગા[૧૪]
કઈ મૃગનેણી[૧૫] નાર[૧૬], કઈ વળિ આંખે કાણી;
કઈ દાસી[૧૭] દેખિયે, રીઝવાળી[૧૮] કઈ રાણી;
જે લપોડશંખ[૧૯] લખા[૨૦] વિના, દક્ષણાવંત[૨૧] વળી કહ્યા;
શામળ કહે કવિ કોવીદ[૨૨] પણ, પેટતણે વશ[૨૩] સઉ રહ્યા. ૭
પેટ કરાવે પાપ, પેટ પરદેશે કાઢે;
પેટજ કરે પ્રપંચ[૨૪], ચલાવે મારગ આડે;
પેટ કરે પાખંડ[૨૫], પેટવણ[૨૬] વાંકે દંડે[૨૭];
પેટે સંકટ[૨૮] થાય, પેટ મેહેનતમાં મંડે[૨૯],
સતિ નારીને ગુણકા[૩૦] કરે, શા અવગુણ[૩૧] કહું શેઠના;
શામળ કહેછે સૌ જાણજો, પ્રપંચ પાપી પેટના. ૮

---

૧ બકરી. ૨ હાથી. ૩ દુશ્મન. ૪ ભાઈબંધ. ૫ જુઠું બોલનાર. ૬ નફ્ફટ. ૭ લક્ષ્મી જેવી સ્ત્રી. ૮ લક્ષ્મી જેવી નહિ. ૯ લડાયેક સ્ત્રી. ૧૦ રંગેલી સ્ત્રી. ૧૧ કદરૂપ સ્ત્રી. ૧૨ ઝવેરાત જેવી સ્ત્રી. ૧૩ મલેચ્છ સ્ત્રી. ૧૪ ગંગાનદિ જેવી સ્ત્રી. ૧૫ હરણના જેવી આંખની સ્ત્રી. ૧૬ બાયડી. ૧૭ ચાકરડી. ૧૮ ખુશી ઉપજાવનારી. ૧૯ વ્યભીચારથી ઉપજેલા. ૨૦ અનેક. ૨૧ ભીખ લેનાર. ૨૨ પંડિત. ૨૩ તાબેદાર. ૨૪ દગલબાજી. ૨૫ ઢોંગ. ૨૬ બીનતકસીરે. ૨૭ શિક્ષા કરાવે. ૨૮ દુઃખ. ૨૯ ગુથાય. ૩૦ કસબણ. ૩૧ ગુણવિનાના.

જગત અન્ન[૧] આધાર, અન્ન દેવત[૨] એ મોટું;
અન્ન વણ ન રહે[૩] જીવ, અન્ન વણ સરવે ખોટું;
દેવ[૪] દનુજ[૫] નર[૬] નાર[૭], જિવેછે અન્નને જોરે;
અન્ન વિનાનું સર્વ, અતી અંધારૂં ઘોરે;
પાલણ પોષણ પૃથવી વિષે, કરતારે[૮] કૃત કૂરણા[૯];
શામળ કહે છે સેવો[૧૦] સઉ, આદ્યશક્તિ[૧૧] અન્નપૂરણા[૧૨]. ૯
સિતારામ તે એજ, એજ શ્રીરાધાકૃષ્ણ;
એ ઉમયા[૧૩] નેં ઈશ[૧૪], પંડિતે કીધું પ્રશ્ન[૧૫];
એ રોહણિ[૧૬] નેં ચંદ્ર, એજ બ્રહ્મા[૧૭] સાવિત્રી[૧૮];
મંત્ર જંત્ર[૧૯] નેં તંત્ર, એજ ગુણનિધિ[૨૦] ગાયત્રી;
અન્નપૂર્ણા સૌની ઈષ્ટ છે[૨૧], બુદ્ધિવંત જન બૂઝશે[૨૨];
શામળ કહે અન્ન આધારથી, સર્વે ડહાપણ સૂજશે. ૧૦
અન્નપૂર્ણા વડિ[૨૩] માત, જગત જીવાડણ જાણી;
અન્ન વિના સઉ શૂન્ય[૨૪], અન્ન વિણ જિવે ન પ્રાણી;
અન્ન વિના સુખ અલ્પ[૨૫], અન્ન વિણ ચરણ[૨૬] ન ચાલે;
અન્ન વણ ભાવે ન ભક્તિ, અન્ન વણ મોજ ન માલે[૨૭];
ઈશ્વર વહાલો નહિ અન્ન વણ; ગાન[૨૮] તાન ગુણ નવગમે;
શામળ સેવો અન્નપૂર્ણા, સકળ દુઃખ એથી શમે[૨૯]. ૧૧—૬૬

---

૧ અનાજના આધારે. ૨ જોર, દોલત. ૩ જીવાય નહિ. ૪ ઈશ્વર. ૫ રાક્ષશ. ૬ પુરૂષ. ૭ બાયડી. ૮ ઈશ્વરે. ૯ દયા. ૧૦ ભક્તિ. ૧૧ પ્રથમ દેવી. ૧૨ ખોરા કપૂરો પાડનારી. ૧૩ શીવની સ્ત્રી. ૧૪ શીવ. ૧૫ ધારણા. ૧૬ ચંદ્રની સ્ત્રી. ૧૭ પ્રજાપતિ. ૧૮ પ્રજાપતીની સ્ત્રી. ૧૯ દેવના નામ. ૨૦ સ્વર્ગ આપનારી. ૨૧ ધણી. ૨૨ જાણસે. ૨૩ મોટી માતા. ૨૪ છેવટે. ૨૫ જુજ. ૨૬ પગ. ૨૭ ભોગવે. ૨૮ ગાવું. ૨૯ મટે.

જર વિષય. ૨

જરને[૧] વશ[૨] છે જગત, રાય પણ જરથી રીઝે[૩];
જુવતી[૪] જર વશ હોય, લાભ પણ જરથી લીજે;
જર સજ્જન[૫] સન્માન[૬], જરે જશવંત[૭] કહાવે;
જરથી પામે જોખ[૮], સતી શુભ કુળની આવે;
જરનુંજ જગતમાં જોર છે, દુરિજન[૯] જરે નમે સહૂ;
શામળ કહે છે જર જોરથી, બાપો એમ કહે બહૂ. ૧
જર માતા નેં તાત[૧૦], જાત તે જરથી જાણો;
ડહાપણ પણ છે દામ[૧૧], દામ રાજા નેં રાણો;
સગાં સહોદર[૧૨] સર્વ, દ્રવ્ય[૧૩] વણજો[૧૪] વેપારી;
રંગ ને રૂપ અનૂપ[૧૫], દ્રવ્ય તે ધીરજધારી[૧૬];
સૌ જગત વસ્યુંછે જરથકી, ગરથમાંહિ ગુણ બહુ ગાયું;
શામળ કહે સ્વર્ગે સંચરે[૧૭], જોર હોય જો જરતાણું. ૨
વિપ્ર ભણેછે વેદ, જઈ જરને તે જાચે;
સાધક[૧૮] ને વળિ સિદ્ધ[૧૯], રૂદે[૨૦] જરથી તે રાચે[૨૧];
શૂરા બાંધે શસ્ત્ર, જરથકી તે કર[૨૨] જોડે;
અનમી[૨૩] નેં અહંકારિ[૨૪], હાથ જર આગળ ઓડે[૨૫],
ગામી[૨૬] નામી[૨૭] નેં મહિપતી[૨૮], જરને વશાવરતી[૨૯] રહે;

---

૧ પૈસો. ૨ તાબે. ૩ ખુશી થાય. ૪ જુવાન સ્ત્રી. ૫ આબરૂદાર. ૬ માન પામવું. ૭ જશ મળે. ૮ મોજ. ૯ દુષ્ટ માણસ. ૧૦ બાપ. ૧૧ પૈસો. ૧૨ એક માનાં ભાડું. ૧૩ દોલત. ૧૪ વિનાનો. ૧૫ તેની જોડી નહિ. ૧૬ ધીરજ ધરી. ૧૭ જાએ. ૧૮ સાધક. ૧૯ સિદ્ધ. ૨૦ મનમાં. ૨૧ ખુશી થાય. ૨૨ હાથ. ૨૩ નમે નહિ તે. ૨૪ મગરૂબ. ૨૫ ધરે. ૨૬ ગામવાળો. ૨૭ નામાંકિત. ૨૮ રાજા. ૨૯ સમજી.

શામળ કહે છે સંસાર સૌ, દમડાને[1] ડાહ્યો કહે. ૩
જરથી પામે જોખ, જરે ઈંદ્રાસન[2] આણે[3];
જરથી જગ જીતાય, જરથકી મોટમ[4] માણે[5];
જરથી લાખ કરોડ, હોડ[6] હઠીલા હારે;
જરથી રાજ્ય થપાય, જરે ઝાઝાને મારે;
એમ જગત વસ્ય છે જરતણે, ચિતવે[7] તેવા ગુણ ગણે;
જગદીશ ઈશ વશ જરતણે, શામળભટ સાચું ભણે. ૪
ધણો જેહ ઘર ગરથ[8], રૂપ તેને ઘેર રહેછે;
ધણો જેહ ઘર ગરથ, કુલિન[9] પણ તેને કહેછે;
ધણો જેહ ઘર ગરથ, રહે વશ તેને રાજા;
ધણો જેહ ઘર ગરથ, સુજશ[10] બોલે જન ઝાઝા;
જર તો છે ઈશ્વરથી અધિક, બુધિ નિધાન[11] પ્રાક્રમ[12] બહૂ;
શામળ સેવક શ્રીમંતના, શત[13] પ્રકાર[14] શોભિત સહૂ. ૫
જર વીના જે જોખ[15], શોખ તેતો નહિ સાચો;
જર વિણ તનમાં પ્રાણ, કહૂ કરતૂતે[16] કાચો ;
જર વીના જે રૂપ, દેહ કૂરૂપી કૂડો;
જર વિણ મંદિર[17] માળ[18], ભર્મ[19] રાખે તે ભૂંડો;
જર વિણ ડહાપણ છે જેટલું, તે ઘેલાપણ જાણવું;
શામળ કહે સગળી ચીજ તે, જગમાં જર પરમાણવું[20]. ૬
જરથી શોભે સર્વ, વેદના[21] જરથી વામે[22];

---

૧ ધનવાલા. ૨ ઈંદ્રનું તખ્ત. ૩ લાવે. ૪ મહોટાઇ. ૫ ભોગવે. ૬ સરત. ૭ ધારે. ૮ ધન. ૯ કુળવાન. ૧૦ માન પામેલો. ૧૧ ચોકસ. ૧૨ ભારેકામ. ૧૩ સોની સંખ્યા. ૧૪ રીત. ૧૫ મોજ મજા. ૧૬ કરવું. ૧૭ દેહેરૂં. ૧૮ હવેલી. ૧૯ શાક. ૨૦ સાચું. ૨૧ દુઃખ પામવું. ૨૨ જાય.

જરથી ઝીતે ન્યાય, જરે મનવાંછિત[૧] પાંમે ;
જરથી સગપણ સાથ, કરે જરથી સૌ કાજે ;
જર ઓડાવે[૨] હાથ, જરથકી સરવે લાજે ;
જર તરણાનો[૩] મેરૂ[૪] કરે, રાજ્ય અપાવે રંકને[૫] ;
કવિ શામળ કહેછે જરથકી, પામર[૬] લૂટે લંકને[૭]. ૭
ગાંઠે જેને ગરથ[૮], ભલી તે વિદ્યા ભણિયો ;
ગાંઠે જેને ગરથ, રહે નહિ કોઈનો રણિયો[૯] ;
ગાંઠે જેને ગરથ, તેજ પંડિત છે પૂરો ;
ગાંઠે જેને ગરથ, તેજ છે સામદ[૧૦] શૂરો ;
વળિ ગાંઠે જેને ગરથ છે, પરાક્રમી પરમાણવો[૧૧] ;
શામળ કહેછે સંસારમાં, જર વિણ મૂરખ જાણવો. ૮
જર છે સૌનો જીવ, જરે લે મહાસુખ માણી[૧૨] ;
કરે પરાણે[૧૩] પ્રીત, રંક રાજા નેં રાણી ;
જર વશ બાંધ્યુ જગત, જરે જુવતી[૧૪] વશ થાય ;
જર આગળ કરજોડિ, રહે મોટા રૂષિરાય ;
જર જંગલમાં મંગળ[૧૫] કરે, જુગતી સરવે જોગવે[૧૬] ;
શામળ કહે ધનથી ધનપતી, ભારે સુખ તે ભોગવે. ૯
ડહાપણ દમડામાંહિ, રહે દમડામાં યારી[૧૭] ;
દમડામાંહિ રૂપ, ભેદ[૧૮] દમડામાં ભારી ;
જો દમડામાં જોર, રહે વશ થઈને રાજા ;
દમડે ઉંચ અધિકાર, ગુણ દમડામાં ઝાઝા ;

---

૧ મનગમતા. ૨ ધરાવે. ૩ તણખલું. ૪ પર્વત. ૫ ગરીબને. ૬ અદના. ૭ લંકાનું રાજ. ૮ ધન. ૯ દેવાદાર. ૧૦ સરદાર. ૧૧ ગણવો. ૧૨ ભોગવી. ૧૩ જોરથી. ૧૪ જુવાન સ્ત્રી. ૧૫ આણંદ. ૧૬ મેળવે. ૧૭ દોસ્તી. ૧૮ તફાવત.

દમડો છે મોંઘો દેવથી, પણ દમડે સૌ વામણા[1];
શામળ કહેછે દમડાતણાં, ભાત ભાત લેઉ ભામણાં[2]. ૧૦
જર દેખી જશવંત, ગૂણ નેં જ્ઞાન ગમાવે;
ધન દેખી ધનવંત, નીચને શીશ નમાવે;
સોનું દેખિ શ્રીમંત, કપટનું[3] કામ કરેછે;
ગરથ દેખિ ગુણવંત, હેતથી હાથ ધરેછે;
રાજાની કે શું રાંકની, નિર્મળ[4] કુળની નારિયો[5];
શામળ કહેછે સત્ય જાણજો, જર દેખી કરે જારિયો[6]. ૧૧
શૂર[7] કપાવે શીશ, ચતુર[8] ચાકરી ચહાયે;
નાચેછે નૃત્યવંત[9], ગીત ગુણિજન થઈ ગાયે;
વિદ્યાવંત વિદેશ[10], જાચવા[11] કારણ જાયે;
મજુર વહે[12] શિર ભાર, કષ્ટ[13] કાશદ[14] સહે કાયે[15];
જે જે ઉપાય અન્યાય[16] જે, બુદ્ધિ બગાડે બારણે[17];
શામળ કહે શાણા સમજજો, દ્રવ્ય કમાવા કારણે. ૧૨
જર પાખી[18] જગમાંહિ, મોજ એકે શી માણે;
જર પાખી જગમાંહિ, આપ અક્કલ શી આણે;
જર પાખી જગમાંહિ સ્વાદ એકે નવ સૂઝે;
જર પાખી જગમાંહિ, બડાઈ કશી ન બૂઝે;
જર પાખી તો જખ મારતા[19], ફરે બિચારા બુધ બહૂ;
શામળ કહેછે જર જોરથી, શુભ વાતો સૂઝે સહૂ. ૧૩

---

૧ નાહનાથોડા. ૨ વીવારણ. ૩ દગો. ૪ સ્વચ્છ. ૫ બાયડીઓ. ૬ વ્યભીચાર. ૭ શૂરો. ૮ ડાહ્યો. ૯ નાચકરનાર. ૧૦ પરદેશ. ૧૧ ભીખવા. ૧૨ ઉપાડે. ૧૩ દુઃખ. ૧૪ એપીએ. ૧૫ શરીરે. ૧૬ ચોરવાજબી. ૧૭ વગર. ૧૮ ભોગવે. ૧૯ પસ્તાત.

દમડા પાખિ દરિદ્ર કુલિન[1] તે કિંકર[2] કહાવે ;
રિદ્ધિ[3] વિના તે રંક, પ્રતિષ્ટા[4] માન ગમાવે ;
વિદ્યા અને વિવેક, દામ આગળ સૌ ડૂલ્યાં[5] ;
જે જે કરવા જાય, ભરમથી સરવે ભૂલ્યાં ;
જે શૂરપૂર શાણા ઘણાં, વપુ[6] વરણાગી વાંકડા[7] ;
શામળ કહે સૌ સંસારમાં, રિદ્ધિ વિનાના રાંકડા[8]. ૧૪
જેને જરનું જોર, જુલમ ઝાઝા કરિ ઝૂઝે[9] ;
જેને જરનું જોર, બિજાને તે નવ બૂઝે[10] ;
જેને જરનું જોર, અહંપદ[11] અતિશે આણે ;
જેને જરનું જોર, જગત ઉજડ[12] તે જાણે ;
વળિ જેને જરનું જોર છે, છાક્યો[13] રહે અમલે[14] અતી[15];
શામળ કહેછે સદબુદ્ધિ વણ, રૂડું ન થાય તેથી રતી. ૧૫
એ હાથીનું જોર, બાહુ[16] એ માંહિ બિરાજે;
વાઘ સિંહની પેર, ગરથ ગાંઠે તે ગાજે[17];
ભુખ તડકા કે ટાઢ, નહી જર પાશે જાય ;
વ્યંતર[18] ભૂત કે પ્રેત[19], કદી ચેટક[20] ન ચહાય ;
મન મદિરા[21] શેરસવાતણી, કેફ સદા આવી વસે ;
શામળ કહે દુખિયો દુખ કહે, જરવાળો હૈડે[22] હસે. ૧૬
નિરધન બોલે સત્ય, કહે જરવાળો જૂઠી ;
નિરધન ગાણું ગાય, જાય જરવાળો ઊઠી ;

---

૧ કુળવાન. ૨ રાંક. ૩ દોલત. ૪ આબરૂ. ૫ ડુબી ગયા. ૬ શરીર. ૭ ઈશકી. ૮ ગરીબડા. ૯ જોરબતાવે. ૧૦ જાણે. ૧૧ મગરૂબી. ૧૨ જંગલ. ૧૩ છકીજાય. ૧૪ અમલથી. ૧૫ ઘણો. ૧૬ હાથ. ૧૭ પોકારે, જાહેર થાય. ૧૮ ડાકણ. ૧૯ માથાવિનાનો ખવીશ. ૨૦ વળગેલું ભુત. ૨૧ દારૂ. ૨૨મનમાં.

હા હા કહે સઉ લોક, વદે જરવાળો જૂઠું;
રિદ્ધિ[1] ઉપર સઉ રાજિ, રિદ્ધિ પાખી સઉ રૂઠું[2];
ચૌદ વિદ્યાની ચાતુરી, ગરથ સાથ વાસો રહે;
વળિ કર્મ[3] ધર્મ[4] નેં શર્મ[5] સઉ, કવિ શામળ જરને કહે. ૧૭
ડાટ્યું જેણે દ્રવ્ય, સર્વ અવતરિયા[6] સાપે[7];
ડાટ્યું જેણે દ્રવ્ય, પિંડ[8] નવ લીધો બાપે;
ડાટ્યું જેણે દ્રવ્ય, પાપમાં થયોજ ગરકે[9];
ડાટ્યું જેણે દ્રવ્ય, નીચ તે પડિયો નરકે[10];
નવ ખાધું ખરચ્યું વાવર્યું[11], દાન દેઈ જશ નવ લિયો[12];
શામળ શિર ભાર વહી[13] મુઓ, દૈવે[14] તેને દંડિયો. ૧૮
જેમ ઘાંચિનો બળદ, રાત દિવસ તે ફરિયો;
જયમ ગદ્ધો ગુણહીણ, ભાર અણલેખે[15] ભરિયો;
પાડો જેમ પખાલ, પુંઠપર પરઠે[16] પાણી;
વેહે પકડયો વીર, તડફડીને તે તાણી;
જર રાખ્યો રોજ થઈ રાંકડો, વેઠી દુઃખ વધારિયો;
શામળ નવ ખાધો ખરચિયો, જીતી બાજી હારિયો. ૧૯
જર જોતામાં જાય, જુઓ જર ખાતાં ખૂટે;
જર જોતામાં જાય, ચોરકે હાકમ લૂટે;
જર જોતામાં જાય, ઉડે જો આગ સજોરી[17];
જર જોતામાં જાય, ચડે ચાડી[18] કે ચોરી;
જર જાવા બેસે જે સમે, રાખ્યું ઘડી રહે નહી;

---

૧ દોલત. ૨ કફા, ગુસ્શો. ૩ આચર્ણ. ૪ ધર્માતું. ૫ લજ્જા. ૬ જન્મ. ૭ સર્પ. ૮ મરતુંકની, ક્રીયાનો. ૯ ડુંબ્યો. ૧૦ દોજખમાં. ૧૧ ખરચ્યું. ૧૨ લીધો. ૧૩ ઉપાડી. ૧૪ ઈશ્વરે. ૧૫ બેહદ. ૧૬ ઊંચકે. ૧૭ મ્હોટી. ૧૮ આળ.

શામળ કહે જાય સમૂળનો[1], કહો મુખ જોવું કહી. ૨૦
તેડે ત્યાં નવ જાય, ઘણી મેહેનતથી માગે;
જા કહેતાં નવ જાય, પ્રણીપત[2] પાયે લાગે;
કોશાર[3] કિધે ન રહે, ખ રહે વાવરતાં[4] દહાડી;
કરે કોટિ ધિક્કાર, જાય નહિ હાંકી ક્હાડી;
આશા રખેજ એની કરો, માનો કહું તે મર્મની[5];
શામળ કહેછે લક્ષ્મી રહે, કબુલ હોય જો કર્મની[6]. ૨૧
નાવે ડહાપણ કીધ, ન આવે વિદ્યા ભણતાં;
નાવે કરતાં કપટ, ન આવે સદગુણ ગણતાં;
નાવે ગયે વિદેશ[7], ન આવે વેઠયે દુઃખે;
નાવે જણાવ્યે[8] જોર, ન આવે ભમતાં[9] ભૂખે;
આવે ન પરાક્રમ પૂરથી, નાવે લોભ લુંચાથકી;
શામળ કહે લક્ષ્મી લેહેર[10] તો, મળે કર્મ-સંચાથકી[11]. ૨૨
કઈક ઉપાડે ભાર, ઉદર[12] પણ રહે અધુરૂં;
કઈક ચડેછે વાંશ,[13] પેટ પણ થાય[14] ન પૂરૂં;
કઈક ભણી વિદ્યાય, ચતુર અણવાણા[15] ચરણે;
કઈક કરે વેપાર, નહી પણ કુંડળ[16] કરણે;
અક્કલ અરથે નથિ આવતી, ભોળાશો નહિ ભર્મમાં;
શામળ કહેછે લક્ષ્મી મળે, કબુલ હોય જો કર્મમાં. ૨૩
વિદ્યા ન મુકાય[17] હાટ, વિદ્યા ઘરેણું ન ઘડાય;
વિદ્યા ન વસ્ત્ર વણાય, વિદ્યા ચૂલે ન ચડાય;

---

૧ સર્વે. ૨ કાલાવાલા. ૩ કસર. ૪ ખર્ચતા. ૫ ભેદની. ૬ ભાયેગની. ૭ પરદેશ. ૮ જોર દેખાડેથી. ૯ રખડયાથી. ૧૦ ધણી. ૧૧ ભાયેગથી. ૧૨ પેટ. ૧૩ ખાંભૂઉપર. ૧૪ ભરાય નહિ. ૧૫ ઉઘાડા પગે. ૧૬ દાગીના. ૧૭ ઘરેણે.

વિદ્યા થાય ન લોટ, વિદ્યાથી ભૂખ ન ભાગે;
નહિ પેહેરાય ઓઢાય, કદી વિદ્યા નર નાગે[1];
વિદ્યાથી વપૂ[2] રહે નહી, પિવાય નહિ તે પાણિયે;
વેડ દરિદ્ર ડાહ્યો થઈ, જન તે મૂરખ જાણિયે. ૨૪

કુસંગતિ[3] વિષય. ૩

કરે નીચનો સંગ[4], નીચની બુદ્ધી આવે;
કરે નીચનો સંગ, સકળ[5] સદ્ગૂણ ગમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે[6];
કરે નીચનો સંગ, નીચની રીતી[7] રાખે;
વળિ નીચ કામ નીચાં કરે, નિચ કહેવાયે ઉંચ જન;
શામળ કહે સંગત નીચની, કોઈ ન કરશો કોય દન. ૧
પંડિત પંડિત પ્રીત[8], મુરખને મૂરખ વહાલા;
રૂડો રૂડી રીત, ચતુર ચતુરાઈ ત્યાં ચાલ્યા;
સુમને[9] વહાલો સૂમ, વહાલ દાતાને દાતા[10];
જારને[11] વહાલો જાર, ગુણીજનને ગુણજ્ઞાતા;
શૂરાને[12] વહાલા શૂરનર, કાયરને[13] કાયર ગમે;
જશાવંત ગમે જશાવંતને શામળ રામ[14] રૂદે[15] રમે[16]. ૨
મલે ઉંચને ઉંચ, મળે ભંગીને[17] ભંગી;
મળે નીચને નીચ, મળે રાગીને[18] રંગી;

---

૧ ઊઘાડા શરીરે. ૨ શરીર. ૩ ખરાબ સોબત. ૪ દોસ્તી. ૫ સર્વે. ૬ બોલે. ૭ રીહવાજ. ૮ દોસ્તી. ૯ કંજુસ. ૧૦ સખી. ૧૧ વ્યભીચારી. ૧૨ બાહાદુર. ૧૩ બીચકારો. ૧૪ ઈશ્વર. ૧૫ મનમાં. ૧૬ ભક્તી. ૧૭ હલાલખોર. ૧૮ ગાનાર.

મળે ભગતને[1] ભગત, મળે પાપીને પાપી ;
મળે જ્ઞાનિને જ્ઞાનિ, મળે જાપકને[2] જાપી ;
વળિ વ્યસનીને[3] વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે ;
જયમ લવણ[4] મળેછે તક્રમાં[5], શામળ પય[6] શાકર ભળે[7]. ૩

મોત[8] વિષય. ૪

કોઈ કહે આવ્યો તાવ[9], કોઈ કહે થયું કોગળિયું[10];
કોઈ કહે કરડ્યો નાગ, કોઈ કહે વાસી[11] વળિયું ;
કોઈ કહે વાધ્યો[12] રોગ, કોઈ કહે શસ્ત્રજ[13] વાગ્યું;
કોઈ કહે મારી મૂઠ[14], કોઈ કહે પાપજ લાગ્યું;
ઈશ્વર માથે લેતા નથી, જગતમાંહિ મહિમા[15] જુઓ ;
શામળ કહેછે સૌ સાંભલો, મોત આવ્યું તેથી મુઓ. ૧
પેસે અરણવ[16] નીર[17] તીર ગંગાને[18] બેસે ;
ચડે જો પર્વત મેર,[19] કદી પાતાળે[20] પેસે ;
પર્વતમાંહિ પ્રવેશ,[21] કરે આપે એકાંતે[22] ;
ઓષડ અમૃતાહાર[23], ભમે ભૂલા બહુ ભ્રાંતે[24] ;
કિંકર[25] રાખે કઈ કોટિધાં[26], સંચ[27] પ્રપંચ[28] ઘણા કરે ;
શામળ કહેછે સૌ સાંભળો, મોત આવ્યે નિશ્ચે મરે. ૨

---

૧ ભક્તિ કરનાર. ૨ બંદગીકરનાર. ૩ ખરાબલતના. ૪ નીમખ. ૫ છાસમાં. ૬ દુધ. ૭ મળે. ૮ મરત્યુક. ૯ તાપ. ૧૦ મોરચી. ૧૧ અજીરણ. ૧૨ વધ્યો. ૧૩ હથીઆર. ૧૪ જાદૂટોણા. ૧૫ રીવાજ, રચના. ૧૬ સમુદ્ર. ૧૭ નદિમાં. ૧૮ કીનારે. ૧૯ મેરૂપર્વત. ૨૦ જમીનની તલે. ૨૧ જાય. ૨૨ એકાંતમાં વાસ. ૨૩ મરણને અટકાવનાર. ૨૪ શકથી. ૨૫ ચાકર. ૨૬ કરોડો. ૨૭ યુક્તિયો. ૨૮ કાવત્રાં.

માત તાત[1] નેં મિત્ર, પુત્ર પરિવારજ[2] પ્રોઢા[3];
અલખત[4] અપરમપાર,[5] ઘણા હસ્તી[6] નેં ઘોડા;
સેવક સાથે શૂર, પરીપૂરણ[7] પરતાપે[8];
બળવંતા[9] બહુ બહુ, છત્ર-છાંયે[10] છત[11] છાપે.
અધિકાર અયુત[12] લખ[13] ઈંદ્રનો, ક્રોડ[14] વાર શું કહું કથી[15];
પણ મોતથકી મૂકાવવા, શામળ કોઈ સમરથ[16] નથી. ૩
નાઠે[17] ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાય;
નાઠે ન મુકે ભોગ[18], રોગ નાઠે પણ થાય;
નાઠે ન મુકે તાવ, પાપ નાઠે નવ છૂટે;
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે;
કદિ નાઠે મોત મુકે નહી, પ્રસવ્યો[19] ત્યાંથી પાસ છે[20];
કવિ શામળ ભટ સાચું કહે, નામ સર્વનો નાશ છે.[21]. ૪
જે જાયું તે જાય[22], જેહ ફૂલ્યું તે ખરશે;
ભર્યું તેહ ઢલવાય, ચડ્યું તેતો ઉતરશે;
લીલું તે સૂકાય, નવું તે જૂનું થાશે;
આયુર્દા વશ સર્વ, કાળ[23] સૌકોને ખાશે;
જો કિન્નર[24] જક્ષ[25] નેં રાક્ષસો, દેવ ગાંધર્વ[26] નેં દાનવી;[27]
મઘવાદિક[28] પણ મોતે મરે, કોણ માત્રમાં[29] માનવી. ૫

---

૧ બાપ. ૨ કુટુંબ. ૩ ઘણા. ૪ દોલત. ૫ બેશુમાર. ૬ હાથી. ૭ પુરેપુરૂ. ૮ મેહરબાનીથી. ૯ જોરાવર. ૧૦ છત્રપતી રાજા. ૧૧ રાજાની મોહર કરનાર. ૧૨ દશ હજાર. ૧૩ લાખ. ૧૪ કરોડ. ૧૫ બોલવું. ૧૬ શક્તિવાન. ૧૭ નાહાસવાથી. ૧૮ ભોગવવાનું. ૧૯ જન્મ્યો. ૨૦ ફાસો. ૨૧ મરવાનો. ૨૨ જનમ્યું. ૨૩ માંત. ૨૪ ઈંદ્ર રાજા. ૨૫ જોગણી. ૨૬ રાગ ઉપજાવનારા. ૨૭ રાક્ષસ્સે. ૨૮ રામકૃષ્ણ. ૨૯ હિસાબમાં.

ગયા ઈંદ્ર કઈ ક્રોડ, ગયા બ્રહ્મા કઈ ભૂલ્યા ;
ગયા કરોડો કામ[1], અડગશૂરા પણ ડૂલ્યા ;
ગયા દેવ દિગપાળ, ગયા માંધાતા[2] મહિપત ;
ગયા દિલિપ હરિચંદ્ર[3], ગયા છાકેલ[4] છત્રપત ;
વળિ ગયા જનક[5]ને જાદવો[6], જે વળિ લાગ્યા જાહવી[7] ;
સ્થિર થાવર[8] કોઈ રહ્યા નહી, કોણ માત્રમાં[9] માનવી[10]. ૬
માત પિતાનો ભોગ[11], જોગ[12] વીરજ[13] બંધાયું ;
રૂધિર[14] માંસને હાડ, શરિર તેનું સંધાયું[15];
નસો જાળ નખ વાળ, સંગ લઈ સાંધા મેળ્યા;
પંચભૂતના[16] ભાગ, લાગ ભમવાને[17] ભેળ્યા[18].
મમતા માયા અહંકાર અતિ, વાયુરૂપ કોઈક વસ્યો;
શામળ જળ પરપોટો[19], જથા[20] કહો ગરવ[21] તેનો કર્યો. ૭
મારૂ મારૂ કહે મૂઢ[22] કારમી[23] કાયા માયા;
અજ્ઞાને આરૂઢ[24], અંધ થઈ ધંધે ધાયા ;
આ મારૂં ઘર સૂત્ર પુત્ર મારો પરણાવું;
ઘડપણ પાળે મને, આજ ભલિભાત ભણાવું;
પણ દીપક[25] વશ છે વાયુને, કાચો કૂંપો[26] કાચનો;

---

૧ કામદેવ. ૨ મોહટામોહટા રાજા. ૩ હરિચંદ્રરાજા. ૪ છકી ગયેલા છત્રપતી રાજા. ૫ જનકરાજા. ૬ કૃષ્ણના કુટુંબી. ૭ શીતા. ૮ એક ઠેકાણું પકડી રહેલા. ૯ શુ હસાબમાં. ૧૦ માણસ. ૧૧ સંભોગ. ૧૨ મેલાપ. ૧૩ શરીરનો બાંધો. ૧૪ લોહી. ૧૫ સાધ્યું. ૧૬ પાંચતત્વ. ૧૭ ચાલવાહાલવા. ૧૮ મળ્યા. ૧૯ પાણીનો પરપોટો. ૨૦ કેટલીવાર. ૨૧ મિજાશ. ૨૨ અકલ વિનાનો. ૨૩ ખોટી. ૨૪ ચહડી. ૨૫ દીવાની બત્તી. ૨૬ ઘડો.

શામળ કહે મુઢ મમતા કરે, એવા શરિર. અસાચનો[1]. ૮
જાય જોરાવર શરણ, પ્રિતે પાતાળે પેસે;
પેસે અરણવ[2] નીર, મેરૂ માથે જઈ બેસે;
જાય શેષને શરણ, રવીરથ[3] આગળ ચાલે;
મંત્ર જંત્રના જાપ, કરી મધવાસંગ[4] માલે;
કદિ સંચ પ્રપંચ કરે ઘણા, રવિ-મંડળ[5] આખું અટે[6];
પણ શામળભટ સાચું કહે , મરવાનું તો નહિ મટે;
કોઈ આજ કોઈ કાલ, કોઈ દિવસે કોઈ રાતે;
કોઈ જોબન[7] કોઈ વૃદ્ધ[8] બાળ[9] જન જુવતી[10] જાતે. ૯
કોઈ તાવે તરફડી, આપઘાતે કોઈ મરતાં;
કોઈ ભોગ કોઈ રોગ, કોઈ તો સરપ કરડતાં;
કોઈ વાસિ વિકાર[11] કે હડકવા[12], કોઈ મમતે લડિને મુઓ;
પણ કાળ ન મૂકે કોઈને, શામળ કહે સમજી જુઓ. ૧૦
રાખે લખ[13] રખવાળ[14], લોહ-પિંજરમાં[15] પેસે;
અરણવ[16] વિચ આસંન[17], વાળિને જો કોઈ બેસે;
વજ્રગુફા[18] ગંભાર, માંહિ કોરાવી માણે[19];
ઈંદ્રજાળ[20] વિદ્યાય, જુગતથી જો વળિ જાણે;
સંભાળિ સાચવી સાંચરે[21], કોટિ જતન[22] કોડે[23] કરે;
જાળવતાં પણ જીવે નહી, મોત વખત નિશ્ચે મરે. ૧૧

---

૧ ખાત્રી વિનાનો. ૨ સમુદ્ર. ૩ સૂર્ય. ૪ રામકૃષ્ણ. ૫ સૂર્યનું મંડલ. ૬ પકડે. ૭ જુવાન. ૮ ઘરડો. ૯ બાળક. ૧૦ જાણનારી. ૧૧ અજિરણ. ૧૨ હડકાયું લાગવું. ૧૩ લાખ. ૧૪ તપાસનાર. ૧૫ લોહડાના પિંજરામાં ભરાય. ૧૬ સમુદ્ર-વચ્ચે. ૧૭ બેશી, રહે. ૧૮ પાહાડની ગુફામાં. ૧૯ રેહેવું. ૨૦ શરીરની રચના. ૨૧ જાએ. ૨૨ રક્ષણ. ૨૩ પ્રેમથી.

ચિરંજીવિ નહિ કોઈ, ગયા માંધાતા[1] મહિપત[2];
ચિરંજીવિ નાહે કોઈ, ગયા વહિ અગણિત અહિપત;
ચિરંજીવિ નહિ કોઈ, ગયા અધિકારી ઈંદ્ર;
ચિરંજીવિ નહિ કોઈ, ગયાં કઇ સૂરજ ચંદ્ર;
વળિ ગયા રામ નેં રાવણા, ગયા દેવ નેં દાનવી;
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી. ૧૨
કોઇ આજ કોઈ કાલ, કોઈ માસે ખટ[3] માસે;
કોઈ વર્ષે દશ બાર, કોઈ પચીશ પચાસે;
કોઇ સાઠ સીતેર, કોઇ પોણોસો એંશી;
જે જાયું[4] તે જાય, નથી રહેવાનું બેશી;
જે નામ તેહેનો નાશ છે, ધર્મજ એવો ધારવો;
કવિ શામળ કહે મુરખ કરે, ગંદિ[5] દેહનો ગારવો[6]. ૧૩
ઘડી પલક કે પહોર, સાંજ સવાર કે વહાણું;
એ દીપક[7] ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશે પડશે;
જળ પરપોટો[8] જેમ, એક દિન નિશ્ચે નડશે[9];
ગામી કોઇની રહેશે નહી, દિવસ નક્કી નહિ દેહનો;
શામળ કહે કાચો કુંભ[10] છે, તો ભરૂસો શો તેહનો. ૧૪–૩૧૨

---

૧ મ્હોટા. ૨ રાજા. ૩ છ. ૪ જન્મ્યું. ૫ મળમુત્ર ભરેલા. ૬ શરીરનો. ૭ જીવ. ૮ પાણીનો પરપોટો. ૯ મરશે. ૧૦ કાચી માટોડીના ઘડા જેવું શરીર છે.